सत्यमेव जयते

**GOVERNMENT OF GUJARAT**
**LEGAL DEPARTMENT**

# India Act No. XX of 1958

## The Probation of Offenders Act, 1958

ગુજરાત સરકાર

**કાયદા ખાતું**

# સન ૧૯૫૮નો ભારતનો અધિનિયમ ક્રમાંક ૨૦મો

## સન ૧૯૫૮નો ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ

1966
GOVERNMENT CENTRAL PRESS
AHMEDABAD
[ Price Re. 00-15 Paise ]

# THE PROBATION OF OFFENDERS ACT, 1958.

## ( XX of 1958 )

### સન ૧૯૫૮નો ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ.

( સન ૧૯૫૮નો ૨૦મો )

અનુક્રમણિકા.


પ્રસ્તાવના.

કલમો.

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને શરૂઆત.

૨. વ્યાખ્યાઓ.

૩. ઠપકા પછી અમુક ગુનેગારોને છોડી મૂકવાનો ન્યાયાલયનો અધિકાર.

૪. સારી વર્તણૂકની પરિવીક્ષા પર અમુક ગુનેગારોને છોડી મૂકવાનો ન્યાયાલયનો અધિકાર.

૫. છોડી મૂકેલા ગુનેગારોને વળતર અને ખર્ચ આપવાનું ફરમાવવાનો ન્યાયાલયનો અધિકાર.

૬. એકવીસ વર્ષની નીચેની ઉંમરના ગુનેગારોને કેદ કરવા પર નિર્બંધો.

૭. પરિવીક્ષા અધિકારીનો અહેવાલ ગુપ્ત ગણાશે.

૮. પરિવીક્ષાની શરતોમાં ફેરફાર.

૯. બોન્ડની શરતોનું પાલન કરવામાં ચૂક કરનાર ગુનેગારના દાખલામાં કાર્યરીતિ.

૧૦. જામીનો સંબંધી ઉપબંધ.

૧૧. અધિનિયમ, અપીલ અને ફેરતપાસ અન્વયે આદેશ કરવાને સક્ષમ ન્યાયાલયો, અને અપીલ અને ફેરતપાસમાં ન્યાયાલયોના અધિકારો.

૧૨. દોષસિદ્ધિ સાથેની ગેરલાયકાતો દૂર કરવા બાબત.

૧૩. પરિવીક્ષા અધિકારીઓ.

૧૪. પરિવીક્ષા અધિકારીઓની ફરજો.

૧૫. પરિવીક્ષા અધિકારીઓ લોકસેવકો ગણાશે.

૧૬. શુધ્ધ બુધ્ધિથી લીધેલાં પગલાંના રક્ષણ બાબત.

૧૭. નિયમો કરવાનો અધિકાર.

૧૮. અમુક અધિનિયમિતિઓના અમલ સંબંધી બચાવ.

૧૯. સંહિતાની કલમ ૫૬૨ અમુક ક્ષેત્રોમાં લાગુ પડશે નહિ.

# INDIA ACT NO: 20 OF 1958.

## THE PROBATION OF OFFENDERS ACT, 1958.

*[16th May, 1958]*

**An act to provide for the release of offenders on probation, or after due admonition and for matters connected therewith.**

### સન ૧૯૫૮નો ભારતનો અધિનિયમ ક્રમાંક ૨૦ મો.

## સન ૧૯૫૮નો ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ.

[૧૬મી મે ૧૯૫૮]

**ગુનેગારોને પરિવીક્ષા પર અથવા યોગ્ય ઠપકા પછી છોડી મૂકવા સારુ અને તેની સાથે સંકળાયેલી બાબતો સારુ પ્રબંધ કરવા બાબતનો અધિનિયમ.**

સંસદે ભારતના ગણરાજયના નવમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમિત કર્યું છે :—

**ટૂંકી સંજ્ઞા વ્યાપ્તિ અને શરૂઆત.**

૧. (૧) આ અધિનિયમને સન ૧૯૫૮ નો ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ કહેવો.

(૨) જમ્મુ અને કાશ્મીર રાજય સિવાય તે સમગ્ર ભારતને લાગુ પડે છે.

(૩) રાજયની સરકાર, રાજયપત્રમાં અધિસૂચના પ્રસિધ્ધ કરીને નકકી કરે તેવી તારીખે તે રાજયમાં અમલમાં આવશે અને રાજયના જુદા જુદા ભાગો માટે જુદી જુદી તારીખ નકકી કરી શકાશે.

**વ્યાખ્યાઓ.**

૨. આ અધિનિયમમાં, સંદર્ભ ઉપરથી બીજી રીતે જરૂરી હોય તે સિવાય,—

(અ) "સંહિતા" એટલે સન ૧૮૯૮ની ફોજદારી કાર્યસંહિતા (સન ૧૮૯૮ની ૫મી);

(બ) "પરિવીક્ષા અધિકારી" એટલે પરિવીક્ષા અધિકારી તરીકે નિયુકત કરેલો અથવા કલમ ૧૩ અન્વયે પરિવીક્ષા અધિકારી તરીકે માન્ય રાખેલો અધિકારી;

(ક) "વિહિત કરેલું" એટલે આ અધિનિયમ અન્વયે કરેલા નિયમોથી વિહિત કરેલું;

(ડ) આ અધિનિયમમાં ઉપયોગ કરેલા પણ વ્યાખ્યા કર્યા ન હોય અને સન ૧૮૯૮ની ફોજદારી કાર્યસંહિતા (સન ૧૮૯૮ની ૫મી) માં વ્યાખ્યા કર્યા હોય તેવા શબ્દ અને શબ્દ-પ્રયોગોનો જે અર્થ અનુક્રમે તે સંહિતામાં કર્યો છે તે જ અર્થ કરવો.

**ઠપકા પછી અમુક ગુનેગારોને છોડી મૂકવાનો ન્યાયાલયનો અધિકાર.**

૩. જયારે કોઈપણ શખસ, ભારતીય દંડ સંહિતા (સન ૧૮૬૦ ની ૪૫મી) ની કલમ ૩૭૯ અથવા કલમ ૩૮૦ અથવા કલમ ૩૮૧ અથવા કલમ ૪૦૪ અથવા કલમ ૪૨૦ અન્વયે શિક્ષા થઈ શકે તેવા ગુના માટે અથવા ભારતીય દંડ સંહિતા અથવા બીજા કોઈપણ વિધિ અન્વયે બે વર્ષ કરતાં વધારે ન હોય તેવી કેદની અથવા દંડની અથવા બંનેની શિક્ષા થઈ શકે તેવો કોઈપણ ગુનો કર્યા બદલ અપરાધી માલુમ પડયો હોય અને તેની સામે કોઈપણ પૂર્વ દોષસિધ્ધિ સાબિત થઈ ન હોય અને જે ન્યાયાલયને તે શખસ અપરાધી જણાયો હોય તે ન્યાયાલયનો એવો અભિપ્રાય હોય તે ગુનાનો પ્રકાર અને ગુનેગારના ચારિત્ર્ય સુધ્ધાં તે કેસના સંજોગો ધ્યાનમાં લેતાં, તેમ કરવાનું આવશ્યક છે ત્યારે, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ વિધિમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ન્યાયાલય, કોઈપણ શિક્ષાની તેને સજા કરવાને અથવા કલમ ૪ અન્વયે સારી વર્તણૂકની પરિવીક્ષા પર છોડી મૂકવાને બદલે, યોગ્ય ઠપકા પછી તેને છોડી મૂકી શકશે.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ સારુ, કોઈપણ શખસ સામેની પૂર્વ દોષસિધ્ધમાં આ કલમ અથવા કલમ ૪ અન્વયે તેની સામે કરેલા કોઈપણ પૂર્વ આદેશનો સમાવેશ થશે

**સારી વર્તણૂકની પરીવિક્ષા પર અમુક ગુનેગારોને છોડી મૂકવાનો ન્યાયાલયનો આધકાર.**

૪. (૧) જયારે કોઈપણ શખ્સ, મોત અથવા આજીવન કેદની શિક્ષા ન થઈ શકે તેવો ગુનો કયો બદલ અપરાધી માલૂમ પડયો હોય અને જે ન્યાયાલયને તે શખસ દોષિત જણાયો હોય તે ન્યાયાલયનો એવો અભિપ્રાય હોય કે ગુનાનો પ્રકાર અને ગુનેગારનું ચારિત્ર્ય સુધ્ધાં કેસના સંજોગો ધ્યાનમાં લેતાં, સારી વર્તણૂકની પરિવીક્ષા પર તેને છોડી મૂકવાનું જરૂરી છે ત્યારે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ વિધિમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ન્યાયાલય તેને એકદમ કોઈપણ શિક્ષાની સજા ફરમાવવાને બદલે, એવો નિદેશ કરી શકશે કે ન્યાયાલય નિદેશ કરે તેવા, ત્રણ વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત દરમિયાન જયારે જયારે તેને બોલાવવામાં આવે ત્યારે ત્યારે હાજર થવા માટે અને સજા ભોગવવા માટે અને તે સમય દરમિયાન શાંતિ જાળવવા માટે અને સારી રીતે વર્તવા માટે, જામીન સાથેનું અથવા જામીન વગરનું બોન્ડ આપે એટલે તેને છોડી મૂકવો:

પરંતુ ન્યાયાલયને એવી ખાતરી થાય કે તે સદરહુ ગુનેગારને અથવા તેનો જામીન હોય તો તેને જે જગા પર ન્યાયાલય ક્ષેત્રાધિકાર ચલાવતું હોય તે જગામાં, અથવા જેમાં ગુનેગાર જે મુદત સુધી તેણે બોન્ડ આપ્યું હોય તે મુદત દરમિયાન રહેવાનો સંભવ હોય તે જગામાં નિયત નિવાસસ્થાન હોય અથવા તે ગુનેગાર અથવા તેનો જામીન નિયમિત રહેતો હોય તે સિવાય, ન્યાયાલયે ગુનેગારને એવી રીતે છોડી મૂકવાનો નિદેશ કરવો નહિ.

(૨) પેટા-કલમ (૧) અન્વયેનો કોઈપણ આદેશ કરતા પહેલાં, ન્યાયાલયે, તે કેસના સંબંધમાં સંબંધ ધરાવતા પરિવીક્ષા અધિકારી, જો કોઈપણ હોય તો તેનો અહેવાલ ધ્યાનમાં લેવો.

(૩) પેટા-કલમ (૧) અન્વયે આદેશ કર્યો હોય ત્યારે ન્યાયાલય, જો તેનો એવો અભિપ્રાય હોય કે ગુનેગારના અને લોકોના હિતમાં તેમ કરવાનું જરૂરી છે તો, તદુપરાંત ગુનેગારને, આદેશમાં જણાવેલ પરિવીક્ષા અધિકારીના પર્યવેક્ષણ નીચે તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી એક વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત દરમિયાન રહેવું એવો નિદેશ કરતો પર્યવેક્ષણ આદેશ કરી શકશે અને તે ગુનેગારનું યોગ્ય પર્યવેક્ષણ રાખવા માટે તેને જરૂરી લાગે તેવી શરતો આવા પર્યવેક્ષણ આદેશમાં નાખી શકશે.

(૪) પેટા કલમ (૩) અન્વયે પર્યવેક્ષણ આદેશ કરનાર ન્યાયાલયે, ગુનેગારને છોડી મૂકવામાં આવે તે પહેલાં તેને જામીન સાથેનું અથવા જામીન વગરનું બોન્ડ આપવાનું, એવા આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને તે ગુનો ફરીથી થતો અથવા ગુનેગારને બીજા ગુનાઓ કરતો અટકાવવા માટે, ન્યાયાલયને, ખાસ સંજોગો ધ્યાનમાં લઈને, રહેઠાણ, માદક પદાર્થો ન લેવા અથવા બીજી કોઈપણ બાબત સંબંધી જે વધુ શરતો નાખવાનું યોગ્ય લાગે તે વધુ શરતોનું પાલન કરવાનું ફરમાવવું.

(૫) પેટા-કલમ (૩) અન્વયે પર્યવેક્ષણ આદેશ કરનાર ન્યાયાલયે, આદેશની બોલીઓ અને શરતો ગુનેગારને સમજાવવી અને પર્યવેક્ષણ આદેશની એક નકલ, એવા ગુનેગારો પૈકી દરેક ગુનેગારને, જામીનો, જો કોઈપણ હોય તો તેને અને સંબંધ ધરાવતા પર્યવેક્ષણ અધિકારીને, તાબડતોબ આપવી.

**છોડી મૂકેલા ગુનેગારોને વળતર અને ખર્ચ આપવાનું ફરમાવવાનો ન્યાયાલયનો અધિકાર.**

૫. (૧) કલમ ૩ અથવા કલમ ૪ અન્વયે ગુનેગારને છોડી મૂકવાનો આદેશ કરનાર ન્યાયાલય, જો તેને યોગ્ય લાગે તો તે જ વખતે,—

(અ) ગુનો થવાથી કોઈપણ શખસને થયેલ નુકસાન અથવા ઈજા માટે ન્યાયાલયને વાજબી લાગે તેવું વળતર; અને

(બ) ન્યાયાલયને વાજબી લાગે તેવો કાર્યવાહીનો ખર્ચ,

તેને આપવાનો નિદેશ કરતો વધુ આદેશ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) અન્વયે જે રકમ ભરવાનો આદેશ કર્યો હોય તે રકમ સંહિતાની કલમો ૩૮૬ અને ૩૮૭ના ઉપબંધો અનુસાર દંડ તરીકે વસૂલ કરી શકાશે.

(૩) જે એકજ બાબત માટે ગુનેગાર પર ફરિયાદ માંડવામાં આવી હોય તેજ બાબતમાંથી ઉપસ્થિત થતા કોઈપણ દાવાનો ઈન્સાફ ચલાવનાર દીવાની ન્યાયાલયે, નુકસાન આપવામાં પેટા-કલમ (૧) અન્વયે વળતર તરીકે આપેલી અથવા વસૂલ કરેલી કોઈપણ રકમ ધ્યાનમાં લેવી.

એકવીસ વર્ષની નીચેની ઉંમરના ગુનેગારોને કેદ કરવા પર નિર્બંધો.

૬. (૧) જ્યારે એકવીસ વર્ષની નીચેની ઉંમરનો કોઈપણ શખસ કેદની (પણ આજીવન કેદની ન હોય તેવી) શિક્ષા થઈ શકે તેવો ગુનો કરવા માટે અપરાધી માલૂમ પડયો હોય ત્યારે, જે ન્યાયાલયને તે શખસ અપરાધી માલૂમ પડયો હોય તે ન્યાયાલયને ગુનાનો તે પ્રકાર અને ગુનેગારનું ચારિત્ર્ય સુધ્ધાં તે કેસના સંજોગો ધ્યાનમાં લેતાં, કલમ ૩ અથવા કલમ ૪ અન્વયે તેની તજવીજ કરવાનું ઈષ્ટ નથી એવી ખાતરી થાય તે સિવાય તે ન્યાયાલયે તેને કેદની સજા ફરમાવવી નહિ અને જો ન્યાયાલય ગુનેગાર પર કેદની કોઈપણ સજા ફરમાવે તો, તેણે તેમ કરવા માટેનાં કારણો નોંધવા.

(૨) પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલા ગુનેગારની કલમ ૩ અથવા કલમ ૪ અન્વયે તજવીજ કરવાનું ઈષ્ટ નથી કે કેમ તેની ખાતરી કરવાના હેતુ સારુ, ન્યાયાલયે, પરિવીક્ષા અધિકારી પાસેથી અહેવાલ મંગાવવો અને જો કોઈપણ અહેવાલ હોય તો તે અને ગુનેગારનું ચારિત્ર્ય અને તેની શારીરિક અને માનસિક સ્થિતિને લગતી તેને મળી શકે તેવી બીજી કોઈપણ માહિતી પર વિચારણા ચલાવવી.

પરિવીક્ષા અધિકારીનો અહેવાલ ગુપ્ત ગણાશે.

૭. કલમ ૪ની પેટા-કલમ (૨) અથવા કલમ ૬ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ પરિવીક્ષા અધિકારીનો અહેવાલ ગુપ્ત ગણાશે :

પરંતુ ન્યાયાલય, તેને તેમ યોગ્ય લાગે તો, તે ગુનેગારને તેનું તથ્ય જણાવી શકશે અને અહેવાલમાં જણાવેલી બાબત સાથે સંગત હોય તેવો પુરાવો રજૂ કરવાની તક તેને આપી શકશે.

પરિવીક્ષાની શરતોમાં ફેરફાર.

૮. (૧) પરિવીક્ષા અધિકારીની અરજી પરથી જે ન્યાયાલય ગુનેગારના સંબંધમાં કલમ ૪ અન્વયે આદેશ કરે તે કોઈપણ ન્યાયાલયનો એવો અભિપ્રાય હોય કે ગુનેગાર અને લોકોના હિતમાં, ગુનેગારે કરેલી કોઈપણ બોન્ડની શરતોમાં ફેરફાર કરવાનું ઈષ્ટ અથવા આવશ્યક છે તો તે ન્યાયાલય જેટલી મુદત સુધી બોન્ડ અમલમાં હોય તે મુદત દરમિયાન કોઈપણ વખતે, તે મુદત મૂળ આદેશની તારીખથી ત્રણ વર્ષ કરતાં વધે નહિ, તેવી રીતે મુદતમાં વધારો અથવા ઘટાડો કરીને અથવા તેની શરતોમાં ફેરફાર કરીને અથવા તેમાં વધારાની શરતો દાખલ કરીને, બોન્ડમાં ફેરફાર કરી શકશે :

પરંતુ ગુનેગાર અને બોન્ડમાં જણાવેલા જામીન અથવા જામીનોને જે કંઈ કહેવું હોય તે કહી સંભળાવવાની તક આપ્યા સિવાય તેવો ફેરફાર કરવો નહિ.

(૨) જો કોઈપણ જામીન પેટા-કલમ (૧) અન્વયે કરવા ધારેલા કોઈપણ ફેરફાર માટે સંમતિ આપવાની ના પાડે તો, ન્યાયાલય, ગુનેગારને નવું બોન્ડ આપવાનું ફરમાવી શકશે અને જો ગુનેગાર તેમ કરવાનો ઈન્કાર કરે અથવા તેમ કરવામાં ચૂક કરે તો ન્યાયાલય, જે ગુના માટે તે અપરાધી માલૂમ પડયો હતો તે ગુના બદલ તેને સજા ફરમાવી શકશે.

(૩) આમાં હવે પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, જે ન્યાયાલય, ગુનેગારના સંબંધમાં કલમ ૪ અન્વયે આદેશ કરે તે ન્યાયાલય, તેને પરિવીક્ષા અધિકારીએ કરેલી અરજી પરથી ખાતરી થાય કે ગુનેગારની વર્તણૂક એવી છે કે, તેને પર્યવેક્ષણ નીચે વધુ લાંબો વખત રાખવાનું અનાવશ્યક છે તો, તેણે આપેલાં બોન્ડ અથવા બોન્ડોમાંથી મુકત કરી શકશે.

બોન્ડની શરતોનું પાલન કરવામાં ચૂક કરનાર ગુનેગારના દાખલામાં કાર્યરીતિ

૯. (૧) જે ન્યાયાલય ગુનેગારના સંબંધમાં કલમ ૪ અન્વયે આદેશ કરે તે ન્યાયાલયને અથવા જે ન્યાયાલય ગુનેગારના મૂળ ગુનાના સંબંધમાં તેની તજવીજ કરી શકત તે ન્યાયાલયને, પરિવીક્ષા અધિકારીના અહેવાલ પરથી અથવા બીજી રીતે એમ માનવાને કારણ હોય કે ગુનેગારે પોતે કરેલાં બોન્ડ અથવા બોન્ડોની કોઈપણ શરતોનું પાલન કરવામાં ચૂક કરી છે તો તે તેની ધરપકડ કરવા માટે અધિપત્ર કાઢી શકશે અથવા જો તેને યોગ્ય લાગે તો, તેના પર અથવા તેના જામીનો, જો કોઈપણ

હોય તો તેમના પર, આહ્વાનપત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વખતે તેની સમક્ષ હાજર રહેવાનું તેને અથવા તેમને ફરમાવતું આહ્વાનપત્ર કાઢી શકશે.

(૨) જે ન્યાયાલયની સમક્ષ ગુનેગારને એવી રીતે લાવવામાં આવ્યો હોય અથવા હાજર થાય તે ન્યાયાલય, મુકદ્દમો પૂરો ન થાય ત્યાં સુધી તેને અભિરક્ષામાં પાછો મોકલાવી શકશે અથવા જે તારીખ તે સુનાવણી માટે નક્કી કરે તે તારીખે હાજર રહેવા માટે તારણવાળા અથવા તારણ વગરના જામીન તે મંજૂર કરી શકશે.

(૩) જો ન્યાયાલયને મુકદ્દમો સાંભળ્યા પછી એવી ખાતરી થાય કે ગુનેગારે કરેલાં બોન્ડ અથવા બોન્ડોની કોઈપણ શરતોનું પાલન કરવામાં તેણે ચૂક કરી છે તો તે તાબડતોબ—

(અ) તેને મૂળ ગુના માટે સજા ફરમાવી શકશે; અથવા

(બ) ચૂક પહેલી વખત થઈ હોય ત્યારે બોન્ડના ચાલુ અમલને બાધ આવ્યા સિવાય, પચાસ રૂપિયા કરતાં વધારે ન હોય તેટલો દંડ તે કરી શકશે.

(૪) પેટા-કલમ (૩) ની રકમ (બ) અન્વયે નાખેલો દંડ, ન્યાયાલય નક્કી કરે તેટલી મુદતની અંદર ભરવામાં ન આવે તો, ન્યાયાલય, ગુનેગારને મૂળ ગુના માટે સજા ફરમાવી શકશે.

**જામીનો સંબંધી ઉપબંધ.**

૧૦. સંહિતાની કલમો ૧૨૨, ૧૨૬, ૧૨૬-અ, ૪૦૬-અ, ૫૧૪, ૫૧૪-અ, ૫૧૪-બ, અને ૫૧૫ ના ઉપબંધો, શક્ય હોય ત્યાં સુધી, આ અધિનિયમ અન્વયે આપેલાં બોન્ડ અને જામીનોના દાખલામાં લાગુ પડશે.

**આ અધિનિયમ, અપીલ અને ફેરતપાસ અન્વયે આદેશ કરવાને સક્ષમ ન્યાયાલયો, અને અપીલ અને ફેરતપાસમાં ન્યાયાલયોના અધિકારો.**

૧૧. (૧) સંહિતા અથવા બીજા કોઈપણ વિધિમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગુનેગારનો ઈન્સાફ ચલાવવાને અને કેદની સજા ફરમાવવાને અધિકાર આપેલ કોઈપણ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલય અથવા બીજું કોઈપણ ન્યાયાલય જ્યારે અપીલ અથવા ફેરતપાસમાં મુકદ્દમો તેની સમક્ષ આવે ત્યારે આ અધિનિયમ અન્વયે આદેશ કરી શકશે.

(૨) સંહિતામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગુનેગારનો ઈન્સાફ કરતા (ઉચ્ચ ન્યાયાલય સિવાયના ) કોઈપણ ન્યાયાલયે કલમ ૩ અથવા કલમ ૪ અન્વયે આદેશ કર્યો હોય ત્યાં, જે ન્યાયાલયને અગાઉની ન્યાયાલયની સજાઓમાંથી સામાન્યત: અપીલ થઈ શકે છે તે ન્યાયાલયને અપીલ થઈ શકશે.

(૩) એકવીસ વર્ષની નીચેની ઉંમરનો કોઈપણ શખ્સ ગુનો કરવા દોષિત જણાયો હોય અને જે ન્યાયાલયને તે દોષિત જણાયો હોય તે ન્યાયાલય કલમ ૩ અથવા કલમ ૪ અન્વયે તેના પર તજવીજ કરવાની ના પાડે અને જેના પર અપીલ થાય નહિ અથવા અપીલ દાખલ થઈ શકે નહિ તેવી દંડ સાથે અથવા દંડ વગરની કોઈપણ સજા તેની સામે કરે તે પ્રસંગે સંહિતા અથવા બીજા કોઈપણ વિધિમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જે ન્યાયાલયને અગાઉના ન્યાયાલયની સજાઓમાંથી સામાન્યત: અપીલ થઈ શકે તે ન્યાયાલય, પોતાની મેળે અથવા દોષિત ઠરેલા શખ્સે અથવા પરિવીક્ષા અધિકારીએ તેને કરેલી અરજી પરથી તે મુકદ્દમાનું દફતર મંગાવી શકશે અને તપાસી શકશે અને તે ઉપર તેને યોગ્ય લાગે તેવો આદેશ કરી શકશે.

(૪) કલમ ૩ અથવા કલમ ૪ અન્વયે ગુનેગારના સંબંધમાં આદેશ કરવામાં આવ્યા હોય ત્યારે અપીલી ન્યાયાલય અથવા ઉચ્ચ ન્યાયાલય, ફેરતપાસના પોતાના અધિકાર ચલાવીને તે આદેશ રદ કરી શકશે અને તેને બદલે એવા ગુનેગાર પર વિધિ અનુસાર સજા ફરમાવી શકશે :

પરંતુ અપીલી ન્યાયાલયે અથવા ઉચ્ચ ન્યાયાલયે ફેરતપાસમાં, જે ન્યાયાલયે ગુનેગારને દોષિત ઠરાવ્યો હતો તે ન્યાયાલય જે શિક્ષા કરી શક્યું હોત તે શિક્ષા કરતાં વધારે શિક્ષા કરવી નહિ.

**૧૨.** બીજા કોઈપણ વિધિમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જે શખસ ગુના માટે દોષિત ઠર્યો હોય અને કલમ ૩ અથવા કલમ ૪ ના ઉપબંધો અન્વયે તેના પર તજવીજ કરવામાં આવી હોય તે શખસ, તે વિધિ અન્વયેના ગુનાની દોષસિધ્ધ સાથેની ગેરલાયકાત, જો કોઈપણ હોય તો તે ભોગવશે નહિ: **દોષસિધ્ધિ સાથેની ગેરલાયકાતો દૂર કરવા બાબત.**

પરંતુ આ કલમમાંનો કોઈપણ મજકૂર જે શખસને કલમ ૪ અન્વયે છોડી મૂકયા પછી, તેને મૂળ ગુના માટે પાછળથી સજા કરવામાં આવી હોય તે શખસને લાગુ પડશે નહિ.

**૧૩.** (૧) આ અધિનિયમ અન્વયે પરિવીક્ષા અધિકારી— **પરિવીક્ષા અધિકારીઓ.**

(અ) રાજયની સરકારે પરિવીક્ષા અધિકારી તરીકે નિયુકત કરેલો અથવા રાજયની સરકારે એવા પરિવીક્ષા અધિકારી તરીકે માન્ય રાખેલો શખસ હોવો જોઈએ; અથવા

(બ) રાજયની સરકારે આ અર્થે માન્ય રાખેલ મંડળીએ આ હેતુ સારુ પ્રબંધ કરેલો શખસ હોવો જોઈએ; અથવા

(ક) કોઈપણ અપવાદના કિસ્સામાં ન્યાયાલયના અભિપ્રાય પ્રમાણે જે બીજો કોઈપણ શખસ કેસના ખાસ સંજોગોમાં, પરિવીક્ષા અધિકારી તરીકે કામ કરવાને યોગ્ય હોય તેવો બીજો કોઈપણ શખસ હોવો જોઈએ.

(૨) જે ન્યાયાલય કલમ ૪ અન્વયે આદેશ કરે તે ન્યાયાલય અથવા જે જિલ્લામાં તે ગુનેગાર તે વખતે રહેતો હોય તે જિલ્લાના જિલ્લા ફોજદારી ન્યાયાધીશ પર્યવેક્ષણ આદેશમાં જણાવેલ શખસની જગાએ કોઈપણ પારવીક્ષા અધિકારી કોઈપણ વખતે નિયુકત કરી શકશે.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ સારુ, ઈલાકા શહેર જિલ્લો છે એમ ગણાશે અને મુખ્ય ઈલાકા ફોજદારી ન્યાયાધીશ તે જિલ્લાના જિલ્લા ફોજદારી ન્યાયાધીશ છે એમ ગણાશે.

(૩) પરિવીક્ષા અધિકારી, આ અધિનિયમ અન્વયે તેની ફરજો ચલાવતી વખતે જે જિલ્લામાં ગુનેગાર તે વખતે રહેતો હોય તે જિલ્લાના જિલ્લા ફોજદારી ન્યાયાધીશના નિયંત્રણને આધીન રહેશે.

**૧૪.** પરિવીક્ષા અધિકારી, વિહિત કરવામાં આવે તેવી શરતો અને નિબંધોને આધીન રહીને,— **પરિવીક્ષા અધિકારીઓની ફરજો.**

(અ) ગુનાના આરોપી કોઈપણ શખસ પર તજવીજ કરવાની સૌથી વધારે અનુકૂળ પધ્ધતિ નકકી કરવામાં ન્યાયાલયને મદદ કરવાના હેતુથી ન્યાયાલયના કોઈપણ નિદેશો અનુસાર, ગુનાના આરોપી કોઈપણ શખસના સંજોગો અથવા ઘરનું વાતાવરણ કેવું છે તેની ચોકસી કરવા અને ન્યાયાલયને અહેવાલો સાદર કરવા ;

(બ) પોતાના પર્યવેક્ષણ નીચે રાખેલા અજમાયશીઓ અને બીજા શખસોનું પર્યવેક્ષણ કરવું અને જરૂરી લાગે તે પ્રસંગે, તેમને માટે યોગ્ય નોકરી શોધવાની કોશિશ કરવી;

(ક) ન્યાયાલયે જે વળતર અથવા ખર્ચ આપવાનો આદેશ કર્યો હોય તે વળતર અથવા ખર્ચ ભરવામાં ગુનેગારોને સલાહ અને મદદ આપવી;

(ડ) જે શખસોને કલમ ૪ અન્વયે છોડી મૂકયા હોય તે શખસોને વિહિત કરવામાં આવે તેવા કિસ્સાઓમાં અને તેવી રીતે સલાહ અને મદદ આપવી; અને

(ઈ) વિહિત કરવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી.

**૧૫.** આ અધિનિયમ અનુસાર નિયુકત કરેલ દરેક પરિવીક્ષા અધિકારી અને બીજો દરેક અધિકારી ભારતીય દંડ સંહિતા (સન ૧૮૬૦ ની ૪૫મી) ની કલમ ૨૧ ના અર્થ પ્રમાણે લોકસેવકો છે એમ ગણાશે. **પરિવીક્ષા અધિકારીઓ લોક સેવકો ગણાશે.**

**શુદ્ધ બુદ્ધિથી લીધેલાં પગલાંના રક્ષણ બાબત.** **૧૬.** આ અધિનિયમ અનુસાર અથવા તે અન્વયે કરેલા કોઈપણ નિયમો અથવા આદેશો અનુસાર શુધ્ધબુધ્ધિથી કર્યું હોય અથવા કરવાનો ઈરાદો હોય તેવા કોઈપણ કૃત્યના સંબંધમાં રાજ્યની સરકાર સામે અથવા આ અધિનિયમ અન્વયે નિયુકત થયેલ કોઈપણ પરિવીક્ષા અધિકારી અથવા બીજા કોઈપણ અધિકારી સામે કોઈપણ દાવા અથવા બીજી વિધિ સંબંધી કાર્યવાહી ચાલશે નહિ.

**નિયમો કરવાનો અધિકાર.** **૧૭.** (૧) રાજ્યની સરકાર કેન્દ્રીય સરકારની મંજૂરીથી, રાજ્યપત્રમાં અધિસૂચના દ્વારા, આ અધિનિયમના હેતુઓનો અમલ કરવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી અધિકારની સામાન્યતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોમા નીચેની સઘળી અથવા તેમાંની કોઈપણ બાબતો માટે પ્રબંધ કરી શકાશે, એટલે કે:—

(અ) પરિવીક્ષા અધિકારીઓની નિયુકિત, તેમની સેવાની બોલીઓ અને શરતો અને જે ક્ષેત્રમાં તેમણે ક્ષેત્રાધિકાર ચલાવવાનો છે તે ક્ષેત્ર;

(બ) આ અધિનિયમ અન્વયે પરિવીક્ષા અધિકારીઓની ફરજો અને તેમણે અહેવાલો સાદર કરવા તે બાબત,

(ક) કઈ શરતો પર મંડળીઓ કલમ ૧૩ ની પેટા-કલમ (૧) ની રકમ (બ) ના હેતુઓ સારુ માન્ય કરી શકાશે તે શરતો ;

(ડ) પરિવીક્ષા અધિકારીઓને મહેનતાણું અને ખર્ચ આપવા બાબત અથવા જે મંડળી પરિવીક્ષા અધિકારીઓ પૂરા પાડે તે કોઈપણ મંડળીને આર્થિક સહાય આપવા બાબત; અને

(ઈ) વિહિત કરવાની હોય અથવા વિહિત કરવામાં આવે તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ કલમ અન્વયે ઘડેલા સઘળા નિયમો, પૂર્વ પ્રસિધ્ધિની શરતને આધીન રહેશે અને તે નિયમો કરવામાં આવે તે પછી શકય હોય તેટલા જલ્દીથી વિધાન મંડળ સમક્ષ મૂકવા.

**અમુક અધિનિયમિતિઓના અમલ સંબંધી બચાવ.** **૧૮.** આ અધિનિયમમાંના કોઈપણ મજકૂરથી સુધાર-શાળા બાબતના (સન ૧૮૯૭ના ૮મા) અધિનિયમની કલમ ૩૧ના અથવા સન ૧૯૪૭ના લાંચરૂશ્વત અટકાવવા બાબતના (સન ૧૯૪૭ ના ૨જા) અધિનિયમની કલમ ૫ની પેટા-કલમ (૨) ના અથવા સન ૧૯૫૬ના સ્ત્રીઓ અને છોકરીઓના અનૈતિક વ્યાપારનો નિગ્રહ કરવા બાબતના (સન ૧૯૫૬ના ૧૦૪મા) અધિનિયમના અથવા બાળ ગુનેગારો અથવા બોર્સ્ટલ શાળાઓને લગતા કોઈપણ રાજ્યમાં અમલમાં હોય તેવા કોઈપણ વિધિના ઉપબંધોને અસર થશે નહિ.

**સંહિતાની કલમ ૫૬૨ અમુક ક્ષેત્રોમાં લાગુ પડશે નહિ.** **૧૯.** કલમ ૧૮ ના ઉપબંધોને આધીન રહીને, સંહિતાની કલમ ૫૬૨, જે રાજ્યો અથવા તેના જે ભાગોમાં આ અધિનિયમને અમલમાં લાવવામાં આવ્યો હોય તે રાજ્યોને અથવા તેના ભાગોને લાગુ પડતી બંધ થશે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ.